# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૦/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **કોંગ્રેસ નેતા, નિયત, કાર્યકર્તા અને જનસમર્થન ખોઈ બેઠી છે :: માન. રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ડૉ. અનિલજી જૈન**
- **યુપીએના શાસનમાં પહેલા 'સ્કેમ' થતા હતા હવે એનડીએના શાસનમાં 'સ્કીલ ઈન્ડિયા'ની વાતો થાય છે : માન. રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ડૉ. અનિલજી જૈન**
- **રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ડૉ. અનિલજી જૈન, લીગલ સેલના પ્રદેશ કન્વીનર શ્રી પરિન્દુભાઈ ભગતે આચાર સંહિતા અંગે દક્ષિણ ગુજરાતના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી માન. શ્રી ડૉ. અનિલજી જૈન, લીગલ સેલના

પ્રદેશ કન્વીનર શ્રી પરિન્દુભાઈ ભગતે આચાર સંહિતા અંગે દક્ષિણ ગુજરાતના લીગલ સેલના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી ડૉ. અનિલજી જૈનએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ નેતા, નિયત, કાર્યકર્તા અને જનસમર્થન ખોઈ બેઠી છે. બહારથી આવેલા બે–ત્રણ નેતાઓ માત્ર ચૂંટણીમાં દેખાડો કરતા હોય તેમ તેમની પાસે કોઈ મુદ્દા ન હોવાને કારણે ભારતીય જનતા પાર્ટી વિરૂધ્ધ બનાવટી, શાબ્દિક પ્રહારો કરી રહ્યા છે.

માન. મહામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પહેલા યુપીએના શાસનમાં માત્ર 'સ્કેમ' થતા અને 'સ્કેમ'ની જ વાતો થતી હતી. હવે મોદી સરકારમાં માત્ર 'સ્કીલ ઈન્ડિયા' અને લોક ઉપયોગી, જન કલ્યાણની વાતો થાય છે. ગુજરાતના ચૂંટણી પરીણામો દેશની પ્રગતિમાં નવી ચેતના ફૂંકશે. આ ચૂંટણી ગુજરાત, ભારતીય જનતા પાર્ટી કે ભારત માટેની ચૂંટણી નથી પરંતુ સમગ્ર વિશ્વને અસર કરનારી આ ચૂંટણી છે. આ ચૂંટણીના પરિણામોની દુરોગામી અસર પડશે. જ્યારે નરેન્દ્રભાઈ મોદી આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત મોડલ ઓફ ડેવલપમેન્ટનો અભ્યાસ વિશ્વના દેશો કરતા હતા અને આ ગુજરાત મોડલને આજે વિશ્વના દેશો અનુસરી રહ્યા છે ત્યારે ગુજરાતની જવાબદારી સવિશેષ છે. આજે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ પ્રત્યેની દિર્ધદ્રષ્ટ્રિના કારણે આખા વિશ્વમાં ભારત દેશનું નામ રોશન થયું છે.